# નવચેતન

વર્ષ : ૮૯ અંક : ૬
સપ્ટેમ્બર ૨૦૧૦
સળંગ અંક : ૧૦૫૫





સંસ્થાપક
સ્વ. ચાંપશી ઉદેશી

આદ્યતંત્રી
સ્વ. મુકુન્દ પી. શાહ

તંત્રી
પ્રીતિ એ. શાહ

માલિક, મુદ્રક અને પ્રકાશક
હેમન્ત એમ. શાહ

લવાજમ
છૂટક કિંમત : રૂ. ૨૫
વાર્ષિક લવાજમ : રૂ.૨૫૦
પરદેશ એરમેઈલથી : રૂ.૨૦૦૦
સ્થાયી ડિપૉઝિટ યોજના : રૂ.૨૫૦૦



નવચેતન કાર્યાલય
૬૧-એ, નારાયણનગર સોસાયટી,
જયભિખ્ખુ માર્ગ, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭
ફોન : ૨૬૬૦૦૯૫૯


## અમૂલ્ય વારસાનું જતન

આપણી પ્રાચીન જ્ઞાનસમૃદ્ધિ વિશે ખરેખર આપણે કેટલા ચિંતિત અને જાગ્રત છીએ તે વિચારવા જેવું છે. આપણી સંસ્કૃતિની પ્રાચીનતા માટે આપણે ગૌરવ લઈએ છીએ. આપણા ધર્મગ્રંથોનું વાચન અને શ્રવણ કરીએ છીએ. ઇતિહાસને યાદ કરીને ગૌરવાન્વિત બનીએ છીએ, પરંતુ તાજેતરમાં અમદાવાદમાં ઇન્સ્ટિટ્યૂટ ઑફ જૈનૉલોજી (અમદાવાદ અને લંડન) અને ભાંડારકર ઓરિએન્ટલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટના સંયુક્તપણે યોજાયેલા હસ્તપ્રતવિદ્યા વિશેના પરિસંવાદમાં આ વિષયના એકવીસ જેટલાં તજ્જ્ઞોએ માર્મિક ચર્ચા કરી. આમાં ઇન્સ્ટિટ્યૂટ ઑફ જૈનૉલોજી (અમદાવાદ અને લંડન), ભાંડારકર ઓરિએન્ટલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, પુણે, જૈન વિશ્વભારતી (લાડનૂ - રાજસ્થાન), ભોગીલાલ લહેરચંદ ઇન્સ્ટિટ્યૂટ (દિલ્હી), પ્રાચ્યવિદ્યા મંદિર (વડોદરા), એલ. ડી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડોલૉજી, એલ. ડી. મ્યુઝિયમ (અમદાવાદ), મહાવીર આરાધના કેન્દ્ર (કોબા), સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, પૂણે યુનિવર્સિટી, ગુજરાત યુનિવર્સિટી, ભો. જે. વિદ્યાભવન અને આંતરરાષ્ટ્રીય જૈન વિદ્યા કેન્દ્ર (ગૂજરાત વિદ્યાપીઠ) – આ બધી સંસ્થાઓના વિદ્વાનો પહેલી વાર એક મંચ પર એકત્રિત થયા અને એમણે પોતાના વિષયની ગંભીર અને વિસ્તૃત છણાવટ કરી. સેમિનારના વિષયનો વ્યાપ પણ ધ્યાનાર્હ છે. સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ અને મધ્યકાલીન ગુજરાતીની હસ્તપ્રતો, ઉપરાંત ફારસી સાહિત્ય, ચારણી સાહિત્ય અને સંત સાહિત્ય હસ્તપ્રતોની ચર્ચા થઈ. પ્રાચીન બ્રાહ્મી લિપિથી આજ સુધી લિપિમાં આવેલા જુદા જુદા મરોડ દર્શાવવામાં આવ્યા. આગમની, વાલ્મીકિ રામાયણની અને વસુદેવહિંડીની સમીક્ષિત વાચનાના પ્રશ્નો વિદ્વાનોએ રજૂ કર્યા. હસ્તપ્રતમાં આવતી અશુદ્ધિઓ, હસ્તપ્રત સંપાદનના પ્રશ્નો અને હસ્તપ્રત સંરક્ષણ જેવી બાબતો વિશે રજૂઆત થઈ. સચિત્ર હસ્તપ્રતો અને શિલાલેખોની પણ વાત કરવામાં આવી. આમાં વ્યાપક સ્તરે ચર્ચા થઈ અને આ ચર્ચાઓ સાંભળતાં મનમાં કેટલાક પ્રશ્નો ઉદ્ભવ્યા.

આ પરિસંવાદની મને એક વિશેષ ફલશ્રુતિ એ લાગી કે આજ સુધીના પરિસંવાદોમાં ગુજરાત-રાજસ્થાનના જ્ઞાનભંડારોમાં આવેલી હસ્તપ્રતોને અનુલક્ષીને ચર્ચાઓ થતી હતી. આ પરિસંવાદે એ બાબત તરફ જાગ્રત કર્યા કે ગ્રંથભંડારો સિવાયની હસ્તપ્રતો વિશે ખૂબ ગંભીરપણે વિચારવાની જરૂર છે. ગ્રંથભંડારોમાં રહેલી હસ્તપ્રતો સુરક્ષિત રીતે જળવાઈ રહેલી છે. પરંતુ જુદાં જુદાં ધર્મસ્થાનકોમાં પટારામાં પડેલી હસ્તપ્રતોનું શું ? આ હસ્તપ્રતો જે તે સંપ્રદાયના ધર્મસ્થાનકમાં પડેલી છે એને પોતાના સંપ્રદાયનો વારસો માનીને પૂજ્યભાવથી જોવામાં આવે છે, પરંતુ એ હસ્તપ્રતોની કોઈ સૂચિ ઉપલબ્ધ નથી. આવી હસ્તપ્રતોની સૂચિ કરવી અને એ બરાબર જળવાઈ રહે તે માટે જરૂરી વ્યવસ્થા કરવી તે અંગે કોઈ વિચારતું નથી. આનું એક

પરિણામ એ આવે છે કે આવી હસ્તપ્રતો ઊધઈથી નષ્ટ થયેલી કે ઉંદરો દ્વારા કાતરી ખવાયેલી મળે છે. પ્રત્યેક ધર્મસ્થાનકના ગુરુપદે વિરાજતી વ્યક્તિને આ અંગે જાગ્રત કરવાની જરૂર છે. કારણ એટલું જ કે એ સંપ્રદાયની એ હસ્તપ્રતની અન્યત્ર બીજે ક્યાંય નકલ હોતી નથી. એમાં માત્ર સંપ્રદાયનો ઇતિહાસ જ જળવાયેલો હોતો નથી, પરંતુ એ સમયની ધાર્મિક, સામાજિક, રાજકીય, આર્થિક અને સાંસ્કૃતિક બાબતોની માહિતી હોય છે. વળી એમાં સંપ્રદાયના પૂર્વે થયેલા આચાર્યોએ ગ્રંથોની કરેલી સમીક્ષા અને ટીકા હોય છે. એમાં રહેલા ગુટકાઓમાં જુદા જુદા સંતકવિઓનાં કાવ્યોનો સંગ્રહ પણ હોય છે. આવી હસ્તપ્રતોનો થોડો સંગ્રહ ડૉ. નિરંજન રાજ્યગુરુએ કર્યો છે, પરંતુ ગુજરાત, સૌરાષ્ટ્ર અને રાજસ્થાનમાં ફેલાયેલાં ધર્મસ્થાનકોમાં આજે કેટલીયે હસ્તપ્રત વર્ષોથી કેદ પુરાયેલી છે તેનું શું ?

આની સામે પક્ષે ત્રણસો-ચારસો વર્ષની પરંપરા ધરાવતા ચારણી સાહિત્ય વિશે વિચારીએ તો આમાં ચારણ કવિએ રાજા, ઈશ્વર, શ્રેષ્ઠી કે અન્યને ઉદ્દેશીને લખેલી કવિતાઓ મળે છે. આ વ્યક્તિની પોતાની માલિકીની છે અને એ ચારણ કવિ પોતાની એ હસ્તપ્રત બીજાને આપતા નથી, કારણ કે કેટલેક અંશે એ એમની આજીવિકાનું માધ્યમ હોય છે. એ વારસો એ કવિ પોતાના પુત્રોને કે વંશજોને આપી જતો હોય છે, પરંતુ આજે બાહ્ય પરિસ્થિતિમાં જ પરિવર્તન આવ્યું છે ત્યારે ચારણ સમાજમાં ઘેર ઘેર રહેલી હસ્તપ્રતોનું શું ? સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ આવી કેટલીક હસ્તપ્રતો એકત્રિત કરી છે, પરંતુ હજી કેટલીયે હસ્તપ્રતો ચારણ કવિઓ પાસે પડેલી છે તેનું શું ? આ તો માત્ર સંતસાહિત્ય અને ચારણી સાહિત્યની વાત થઈ, પરંતુ બીજા ઘણા સમાજ પાસે આવી હસ્તપ્રતો છે. પરંતુ એને જાળવવાની આધુનિક ટેક્નિક નથી અને પરિણામે આ સઘળું નષ્ટ થઈ રહ્યું છે.

એક બીજો પ્રશ્ન એ થાય છે કે આપણા દેશમાં આજે પણ અઢાર જેટલી લિપિઓ પ્રચલિત છે. આ લિપિનું સ્વરૂપ સમયે સમયે બદલાતું રહ્યું છે. પ્રાચીન હસ્તપ્રતો ઉકેલવા માટે લિપિની જાણકારી એ એનું પહેલું પગથિયું છે. આજે આપણે ત્યાં આવા લિપિવિદો છે ખરા ? એક સમયે અમૃતલાલ ભોજક અને લક્ષ્મણભાઈ ભોજક જેવા લિપિ ઉકેલવામાં નિષ્ણાતો આપણી પાસે હતા. આગમ પ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી કે મુનિરાજ શ્રી જંબુવિજયજીએ લિપિ અને સંશોધનના ક્ષેત્રમાં વિરાટ કાર્ય કર્યું. આ કાર્ય પલાંઠી લગાવીને બેસનારા સંશોધકોનું છે. આજે આવા સંશોધકો એક હાથની આંગળીઓના વેઢે પણ ગણાય તેટલા રહ્યા નથી. ગુજરાતમાં ગુજરાતી સાહિત્યના અભ્યાસક્રમોમાં જ્યાં મધ્યકાલીન સાહિત્યની જ ઉપેક્ષા થતી હોય ત્યાં આ હસ્તપ્રતવિદ્યા વિશે કોણ વિચારે ? પરંતુ આનું પરિણામ એ આવ્યું છે કે ગુજરાતમાં દસ લાખ જેટલી હસ્તપ્રતો છે એમ કહીને આપણે ગર્વ ધારણ કરીએ છીએ, પરંતુ એ દસ લાખ હસ્તપ્રતોમાંથી દર વર્ષે ત્રીસેક હસ્તપ્રતોનું પણ સંપાદનકાર્ય થાય છે ખરું ? જ્ઞાન છે, જ્ઞાનની પૂજા ચાલે છે, પરંતુ એ જ્ઞાનનો પ્રકાશ મળતો નથી. આને માટે યુવાન સંશોધકોને યોગ્ય વેતન આપીને આપણી સંશોધનસંસ્થાઓ અને શિક્ષણ-સંસ્થાઓએ તૈયાર કરવા જોઈએ. અમદાવાદમાં યોજાયેલા આ પરિસંવાદનું એક સુખદ સંભારણું એ બની રહ્યું કે આમાં ૨૫૦ જેટલા અધ્યાપકો, સ્નાતક-અનુસ્નાતક કક્ષાએ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ હતા અને એમણે ત્રણેય દિવસ ઉત્સાહપૂર્વક વક્તવ્યો સાંભળ્યાં. એમની આ જિજ્ઞાસા એ આવતીકાલનું આશાનું કિરણ બને તેવી છે. વિશેષ તો આયોજકોને બધાંએ સુંદર પ્રતિભાવો આપ્યા અને આવા વધુ ને વધુ પરિસંવાદો અને કાર્યશિબિરો કરવા માટેનાં સૂચનો કર્યાં.

આ હસ્તપ્રતો વિશે વ્યાપક દૃષ્ટિએ વિચારવાની જરૂર છે. કારણ કે એમાં આપણો પાંચ હજાર વર્ષનો ભવ્ય ઇતિહાસ લિપિબદ્ધ થયેલો છે. આપણને આશ્ચર્ય થાય એટલા વિષયો વિશેના ગ્રંથો મળે છે. માત્ર શાસ્ત્રો જ નહિ, પરંતુ વૈદક, અશ્વવિદ્યા, ચરિત્રો, વ્યાકરણ, છંદસાહિત્ય, વિધિ-વિધાન, સ્તોત્રસાહિત્ય જેવા અનેક વિષયોની હસ્તપ્રતો મળે છે. એ સુવિદિત છે કે ઇન્સ્ટિટ્યૂટ ઑફ જૈનૉલોજી એ બ્રિટિશ લાઈબ્રેરીમાં રહેલી ૧૫૦૦ હસ્તપ્રતોની વિગત આપતા ત્રણ ગ્રંથો પ્રકાશિત કર્યા છે અને અત્યારે ઑક્સફર્ડ લાઈબ્રેરી, વેલકમ ટ્રસ્ટ અને વિક્ટૉરિયા ઍન્ડ આલ્બર્ટ મ્યુઝિયમ જેવી લંડનમાં રહેલી સંસ્થાઓની જૈન હસ્તપ્રતોનું કૅટલૉગ તૈયાર કરવા ઉપરાંત જૈનપીડિયા તૈયાર કરી રહી છે. આ બધી બાબતો એક નવો ઉત્સાહ જગાવનારી લાગે છે.

કાન્તિ શાહ